# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટ ખાતે શહેર-જિલ્લાના ૫૫૭ કરોડ રૂ.ના વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરશે**
2. **યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટે સરકારના પ્રયાસોમાં સમાજનો સહયોગ મળે તો વિકાસની ગતિ બમણી થઈ જાય છે.:તેમ જણાવતા મુખ્યમંત્રી.**
3. **કડી વિધાનસભા બેઠક પર 8 - વિસાવદર વિધાનસભા બેઠક પર 16 ઉમેદવારો ચુંટણી મેદાનમાં.**
4. **ગુજરાત પોલીસે GP-SMASH પહેલ અંતર્ગત ત્રણ મહિનામાં ૩૧૦ ફરિયાદનો નિકાલ કર્યો.**
5. **રાજ્યમાં આગામી છ દિવસ કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM RAJKOT-1

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટ ખાતે શહેર-જિલ્લાના ૫૫૭ કરોડ રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરશે. અમારા પ્રતિનિધી જણાવે છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટના પ્રવાસે આવી રહ્યા છે. આ તકે મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજકોટ શહેર-જિલ્લામાં થયેલા ૩૪૩.૩૯ કરોડ રૂપિયાના ૧૩ વિકાસ કામોનાં લોકાર્પણ તથા ૨૧૩.૭૯ કરોડ રૂપિયાના ૨૮ વિકાસ કામોનાં ખાતમુહૂર્ત કરવામાં આવશે

મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ થનારા વિકાસ પ્રકલ્પોમાં ગુજરાત ઊર્જા પરિવહન નિગમ દ્વારા રૂ. ૨૩૮.૧૧ કરોડના ખર્ચે ૬૬ કે.વી.ના નવા સાત સબ સ્ટેશનોનું અને અંદાજે ૮૪.૨૯ કરોડના ખર્ચે નવનિર્મિત મચ્છુ-૧, મોવિયા અને પડધરી મળીને ત્રણ સુધારણા જૂથ યોજનાઓનું લોકાર્પણ કરવામાં આવશે. આ યોજનાઓ કાર્યરત થતા ૧૩૨ ગામના કુલ ૩.૭૦ લાખથી વધુ લોકોને માથાદીઠ ૧૦૦ લીટર પાણી નિયમિત પહોંચાડવામાં આવશે.

આ સાથે જસદણ ખાતે આશરે સાત એકરમાં રૂ. ૮.૪૦ કરોડના ખર્ચે તાલુકા કક્ષાનું રમત સંકુલનું લોકાર્પણ તથા માર્ગ મકાન વિભાગ હસ્તકના રૂ. ૧૧૨ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનાર પાંચ રોડ અને બે પુલનું ખાતમુહૂર્ત તથા એક રોડનું લોકાર્પણ કરવામાં આવશે. અંદાજે ૧૧૮ કરોડથી વધુના રસ્તાના લોકાર્પણ અને ખાતમૂહુર્ત થકી રાજકોટ જિલ્લાની આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે .

મુખ્યમંત્રી રાજકોટ મહાનગર પાલિકા દ્વારા રેસકોર્સમાં રૂ. ૫.૯૧ કરોડના ખર્ચે અદ્યતન આર્ટ ગેલેરીનું લોકાર્પણ કરવા સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૫૦.૫૨ કરોડની રકમનાં ૧૭ વિકાસ કામોનું ખાતમૂહરત કરશે. જે અંતર્ગત પ્રાથમિક શાળા માટે નવું બિલ્ડિંગ, આંગણવાડીનું બાંધકામ, નવા ફિલ્ટર પ્લાન્ટ અને વરસાદી પાણી થકી ભૂગર્ભ જળ સંચય જેવા કાર્યો અને પર્યાવરણ સંરક્ષણના કામો કરવામાં આવશે. આ સાથે શહેરના વિવિધ વોર્ડમાં ડ્રેનેજ, કચેરીઓના રી-કન્સ્ટ્રક્શન, પેવિંગ બ્લોક, ભૂગર્ભ ગટર, રસ્તા અને વોટરવર્કસ્ નેટવર્કને વધુ મજબૂત કરવાનાં કામો કરાશે.

જિલ્લામાં આરોગ્ય સુવિધાને વધુ સુદ્રઢ બનાવવા રૂ. ૪૬. ૩૧ કરોડનાં વિકાસ કામો અંતર્ગત જસદણના સામુદાયિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવામાં આવશે. ઉપરાંત રાજકોટની મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલમાં મલ્ટી લેવલ કાર પાર્કિંગની સુવિધા ઊભી કરાશે. આ સાથે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા રૂ. ૫૫ લાખના ખર્ચે ઈશ્વરીયા પાર્ક ખાતે "કેક્ટસ ગાર્ડન"નું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત થશે.

# SHEPHERD YOUTH ORGANIZATION CM

યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટે સરકારના પ્રયાસોમાં સમાજનો સહયોગ મળે તો વિકાસની ગતિ બમણી થઈ જાય છે. ગાંધીનગર ખાતે ભરવાડ યુવા સંગઠન દ્વારા આયોજીત કાર્યક્રમમાં બોલતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મુજબ જણાવ્યું.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભરવાડ સમાજના ૫૦ જેટલા આર્થિક રીતે જરૂરિયાતમંદ યુવાનોને પગભર બનાવવા એક પણ રૂપિયાના ડાઉન પેમેન્ટ વગર જે.સી.બી.નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પર્યાવરણ દિવસની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, ધંધા રોજગારની સાથે પર્યાવરણનો વિચાર કરવો એ હવેના સમયની માંગ છે" રાજ્યભરમાં ગયા વર્ષે 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત ૧૭ કરોડ ૫૦ લાખથી વધુ વૃક્ષો વાવી ગુજરાતે સમગ્ર દેશમાં બીજા નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે તેનો ગૌરવપૂર્વક ઉલ્લેખ કરતાં તેમણે “એક પેડ માં કે નામ 2.0’ અભિયાન અંતર્ગત વધુને વધુ વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારવા સૌને અપીલ કરી હતી.

મુખ્યમંત્રીએ પ્લાસ્ટિકનો ઉપયોગ રોજિંદી જીવનશૈલીમાંથી કેવી રીતે બંધ કરી શકાય તે માટે પ્રયત્ન કરવા પણ સૌને અનુરોધ કર્યો હતો.

# WORLD ENVIRONMENT DAY CELEBRATION

રાજ્યસહિત દેશભરમાં મંત્રીઓની ઉપસ્થિતિમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. પંચમહાલના શહેર ખાતે બેંક ઓફ બરોડાના અધિકારીઓ અને નગરપાલિકાના કર્મચારીઓએ સાથે મળી મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. આ સાથે જ પંચમહાલ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ખાતે સૈનિકોના પરિવારજનોએ પણ વૃક્ષારોપણ કર્યું હતું.

સાણંદમાં બોસ રેક્સરોથ કંપનીના એક હજારથી વધુ કર્મચારીઓએ છ હજાર રોપ વાવીને પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી.

અરવલ્લીના મોડાસા ખાતે પર્યાવરણ દિવસની ઉજવણીનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો. જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં મહાલક્ષ્મી ટાઉનહોલથી સરકારી ITI સુધી પર્યાવરણ જાગૃતી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## SHANKAR CHAUDHARY ARVALLI GREEN WALL

પર્યાવરણ દિવસ નિમિતે અરવલ્લીની ગિરિમાળાઓને ગ્રીન વોલ બનાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આવકાર્યો છે. અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માની બનાસકાંઠાના લોકોને આમાં સહભાગી થવા પણ જણાવ્યું છે.

(બાઈટ- અધ્યક્ષ શંકર ચૌધરી)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# BY ELECTIONS

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો પર ઉમેદવારી પત્ર પરત ખેંચવાના ગઇકાલે અંતિમ દિવસ બાદ કડી વિધાનસભા બેઠક પર 8, જ્યારે વિસાવદર વિધાનસભા બેઠક પર 16 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે સીધો જંગ જામશે તેવા અહેવાલ મળી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કડી બેઠક પર ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન અને વિસાવદર બેઠક પર ભૂપત ભાયાણીના રાજીનામા બાદ આ બંને બેઠક ખાલી પડી હતી. બંને બેઠકો માટે આગામી 19 જૂને મતદાન અને 23 જૂન મતગણતરી હાથ ધરાશે.

# LOCAL GOVERNMENT ELECTIONS-1

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત કરવામા આવી છે. 22 જૂને યોજાનારી આ ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ ઉમેદવારી કરવાનો આરંભ થઇ ગયો છે. જે જિલ્લાઓમાં આ ચૂંટણી યોજનારી છે ત્યાં તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે.

અમારા પાટણના પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લામાં 310 ગ્રામ પંચાયતોમાં સામાન્ય, મધ્યસત્ર અને વિભાજનવાળી તેમજ 70 ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી મળી કુલ 380 ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાનાર છે. જેના માટે બે જૂનના રોજ

ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું હતું. જે અંતર્ગત તારીખ બે થી નવ જૂન સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. 10 જૂનના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે જ્યારે 11 જૂને ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે.

પાટણ જિલ્લામાં તારીખ બે થી પાંચ જૂન સુધીના ચાર દિવસમાં કુલ 251 ઉમેદવારી પત્ર ભરાયા છે. જેમાં સરપંચ માટેના 127 ફોર્મ અને સભ્ય માટેના 124 ઉમેદવારી ફોર્મ ભરાયા છે. નવ જૂન ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે.

380 ગ્રામ પંચાયતોની ચૂંટણી અંતર્ગત ગઇકાલે સરપંચ માટે 96 અને વોર્ડ સભ્ય માટે 108 મળી કુલ 205 ઉમેદવારીપત્રો ભરાયા હતા. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ ગામડાઓમાં રાજકીય ધમધમાટ જોવા મળી રહ્યો છે અને સરપંચ બનવા માટે અનેક ઉમેદવારો ઉત્સાહ દાખવી મેદાનમાં આવી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ગામડામાં સમરસ પંચાયતો બને તે માટે સરકાર દ્વારા આવા ગામોને વિકાસ કામો માટે વધારાની ગ્રાન્ટ આપવાની પણ જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારે પાટણના કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલે પણ તેમના મત વિસ્તારની જે પણ ગ્રામ પંચાયતો સમરસ થશે તેને રાજ્ય સરકાર દ્વારા અપાતી વધારાની ગ્રાન્ટ ઉપરાંત તેમની MLA ગ્રાન્ટમાંથી રૂપિયા અઢી લાખની વધુ ગ્રાન્ટ પૂરી પાડવાની જાહેરાત કરી છે.

# GP-SMASH

ગુજરાત પોલીસની સોશિયલ મીડિયા મારફતે રાજ્યના નાગરિકો સાથે જોડાવાની અનોખી અને અદ્યતન પહેલ – GP-SMASH અંતર્ગત ત્રણ મહિનામાં મળેલી ૩૩૫ ફરિયાદોમાંથી ૩૧૦ ફરિયાદનો સુખદ નિકાલ કરાયો છે

૧લી માર્ચ થી શરૂ થયેલી આ પહેલનો મુખ્ય હેતુ સોશિયલ મીડિયા પર રાજ્યના નાગરિકો દ્વારા રજૂ થતી ચિંતાઓ, ફરિયાદો અને સૂચનોને સંવેદના સાથે જવાબદારીપૂર્વક સાંભળવી, ઝડપથી યોગ્ય અધિકારી સુધી પહોંચાડવી અને સમયસર તેનો ઉકેલ લાવવાનો છે

ગુજરાત પોલીસના X એકાઉન્ટ @GujaratPolice ઉપર લોકો ટેગ કરીને રજૂઆત કરી શકે છે અને નાગરિકોની સમસ્યાનો ગણતરીની મિનીટોમાં હલ પણ કરાય છે. આ પહેલને લઈને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે વધુ માહિતી આપી હતી.

<u>(બાઈટ- DGP વિકાસ સહાય)</u>

# WEATHER

રાજ્યમાં આગામી છ દિવસ કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી છે. આજે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, ખેડા, દાહોદ, વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યું હતું.

(બાઈટ- ડો. એ.કે. દાસ, નિયામક હવામાન વિભાગ)

........................................